
# નાક-કાન ગયાં



'બેટા, જ્ઞાન એ તો કાચા પારા જેવું છે. એ પચાવવાની તૈયારી ન હોય તો આખાય દેહ પર ફૂટી નીકળે. એના કરતાં તો એવા જ્ઞાન વિના સાધારણ માણસ જીવે એમ જીવીએ તો સુખી રહી એ.' કબીર શાંતિથી ભક્તનો વાંસો થાબડતાં થાબડતાં બોલ્યા.

'પણ બાપુ, આજ પંદર પંદર વર્ષથી આપની ચાકરી કરું છું. અને હાડકાંની કાંસકી કરી નાખી તો ય હજી મારી તૈયારી ન થઈ કહેવાય? બીજા તો ઘણા માત્ર બબ્બે ત્રણ ત્રણ વર્ષ રહીને ઘરે જાય છે અને મારે હજી પંદર વર્ષે ય ઘરે જવાનો વખત ના આવ્યો? બાપુ, આપ મને શા માટે ટગાવો છો? હવે તો જ્ઞાન આપો તો જ હા, ભલે કાચો પારો મને ફૂટી નીકળે.' ભક્તે રૂસણું લીધું.

એટલે કબીરે પગ પછાડ્યા અને કહ્યું : બેટા, આ શિલા ઉઠાવ.'

કબીરના પગ નીચે એક પથ્થર દેખાયો. એ પથ્થરના વચલા ભાગમાં એક લોઢાનું કડું હતું. ભક્તે એ કડા વતી એ પથ્થરને ઊંચો કર્યો ત્યાં નીચે ભોંયરા જેવું દેખાયું.

'બેટા, જો મારી પાછળ પાછળ ચાલ્યો આવ, ' કબીર બોલ્યા ને સડસડાટ પથ્થરનો દાદર ઊતરવા લાગ્યા. ભક્તે પોતાના હાથમાંનો લોટો કડાવાળા પથ્થર પાસે મૂક્યો અને ગુરુની પાછળ પગથિયાં ઊતરવા લાગ્યો.

દાદર પૂરો થયો ત્યાં એક મનોહર વન આવ્યું. વનમાં વચ્ચે એક સુંદર રસ્તો હતો. કબીર એ રસ્તા પર ચાલવા લાગ્યા, પેલો ભક્ત પણ પાછળ પાછળ દોડતો હતો. રસ્તાની બંને બાજુએ મનોહર વૃક્ષો ઝૂકી રહ્યાં હતાં. શીતળ પવન મંદ મંદ વહેતો હતો. પંખીઓ મીઠા મીઠા કલરવ કરી રહ્યાં હતાં અને આખાય વાતાવરણમાંથી કોઈ અલૌકિક સુગંધ મહેંકી રહી હતી.

બે ગાઉ જેટલો રસ્તો કાપ્યો હશે ત્યાં સામે એક મોટો દરવાજો આવ્યો. આ દરવાજો રૂપાનો બનાવેલો હતો. દરવાજાનાં કમાડ, તેના ખીલા, તેના નકુચા, તેનાં નરમાદા બધાં રૂપાનાં હતાં. દરવાજાની અંદર પેસવા માટે એક નાની બારી પણ હતી. દરવાજો તેમ જ બારી બંને બંધ હતા અને દરવાજા ઉપર મોટા અક્ષરથી લખ્યું હતું :

'જે કાન કાપશે તેના માટે આ બારી ઊઘડશે.'

દરવાજાની પાસે રૂપાના હાથવાળું એક ગોળ દાતરડું પડ્યું હતું. કબીરે પહોંચતાંવેંત બે હાથ વતી એ દાતરડું પકડ્યું અને પોતાના જમણા-ડાબા બંને કાનોને કાપી નાખ્યા. એટલે દરવાજાની બારી ઊઘડી અને કબીર અંદર ગયા કે તરત જ બંધ થઈ ગઈ!

પેલો ભક્ત તો આ જોઈ રહ્યો અને ગુરુ અંદર ગયા એટલે બહારથી બારીને ખખડાવવા લાગ્યો : 'હે ગુરૂ મહારાજ, મારે આવવું છે. તમે અંદરથી ખોલો.'

પણ કોણ બોલે? ઘણી વારે અંદરથી જવાબ આવ્યો : આ બારીને એક જ રીતે ખોલાય. તારા કાન કાપ એટલે બારી એની મેળે ઊઘડશે.'

ભક્તે દાતરડું હાથમાં લીધું. તેની ધાર ઉપર પોતાની આંગળી ફેરવી જોઈ, ને પછી પોતાનો ડાબો અને જમણો એમ બંને કાનને કાપ્યા કે તરત જ બારી ઊઘડી અને ભક્ત પણ અંદર દાખલ થયો.

'બેટા આવ્યો? લે ચાલ. આપણે તો હજી આઘે જવું છે.' કબીરે કહ્યું અને પગ ઉપાડ્યા.

વળી પાછું એવું જ ઘોર વન, એવાં જ પંખીઓ, એવો જ શીતળ પવન અને એવી જ દિવ્ય સુગંધ.

થોડે દૂર ગયા એટલે બીજો દરવાજો આવ્યો.

આ દરવાજો સોનાનો હતો. આ દરવાજા ઉપર મોટા અક્ષરથી લખેલું :

'જે નાક કાપશે તેના માટે આ બારી ઉઘડશે.'

કબીર તો પહોંચ્યા ન પહોંચ્યા ને દાતરડું હાથમાં લેતાંક પોતાનું નાક ઉડાવી દીધું અને બારી ઉઘડી એટલે અંદર ગયા.

ભક્ત બાપડો મૂઝાયો. 'બે કાન તો ગયા ! હવે નાક કાપવું, પછી જિંદગીમાં રહ્યું શું? નાક-કાન જાય પછી દુનિયામાં ફરાય શી રીતે ? પણ ગુરુજી તો ગયા. એ તો શાક સમારે એમ નાક ઉડાવી દે છે. પણ એમને સંસાર ક્યાં છે? પણ હવે નાક કાપ્યે જ છૂટકો છે. ભલા, નાક જતાં ય જ્ઞાન તો મળશે !' આ પ્રમાણે મનમાં અનેક તર્કવિતર્ક કરતા ભક્તે છેવટે દાતરડું હાથમાં લીધું. નાક કાપ્યું અને ભક્ત અંદર દાખલ થયો.

'બેટા, આવ્યો ને ?' કબીરે પૂછ્યું.

'મહારાજ, કેમ આવ્યો એ મારું મન જાણે છે !'

'લે, ચાલ, આપણે હજી થોડેક છેટે જવું છે.'

આગળ ગુરુ અને પાછળ ચેલો. થોડે દૂરપહોંચ્યા એટલે ત્રીજો દરવાજો આવ્યો. આ દરવાજો હીરામાણેકનો બનેલો હતો. દરવાજાના માથે લખ્યું હતું :

'જે માથું કાપશે તેના માટે આ બારી ઊઘડશે.'

કબીર ત્યા પહોંચ્યા, ને દાતરડું હાથમાં લેતાંક માથું ઉતારીને અંદર ગયા. પણ ભક્ત હબકી ગયો! 'અરે અરે, ગુરૂજીએ આ શું કર્યું? આ તો ગજબ કર્યો ! માથા જેવું માથું ઉતારી દેવું? નાક ગયું, કાન ગયા અને હવે માથું જાય પછી રહ્યું શું? આ બધું ગયા પછી જ્ઞાનનું શું કામ?'

ભક્ત તો વિચારમાં ને વિચારમાં બે-ત્રણ કલાક બેસી રહ્યો અને બેઠો બેઠો ઊંઘી ગયો. થોડી વારે જાગીને જુએ છે તો દરવાજો ય નહિ, વન પણ નહિ, સુગંધ પણ નહિ. દૂરથી કબીરજી લોટો ઉલાળતા ચાલ્યા આવે છે.

‘બેટા, મારી રાહ જોઈને બેઠો છે ના ?’ કબીરે પાસે આવતાં પૂછ્યું.

‘ગુરૂ મહારાજ, મેં તો આપની બહુ રાહ જોઈ. આ બધું આપે મને શું દેખાડ્યું? મને તો કંઈ સમજાયું નહિ.’ ભક્તે કહ્યું.

‘એ સમજાય એવું નથી.’

‘પણ મહારાજ, મારાં ના-કાન તો ગયાં જ ને?’

‘એ તો જાય જ.’

‘પણ આપ તો પાછાં ચોટાડીને આવ્યા. મને ય પાછાં લાવીને ચોટાડી દો ને.’

‘એમ કાંઈ ચોટતાં હશે? માથું કાપ્યું હોત તો બધાં ચોટી જાત.’

કબીર બોલ્યા અને બંને જણા આશ્રમ તરફ ચાલ્યા.

લેખક : નાનાભાઈ ભટ્ટ